Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT    ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 04,(SURAT), DATE-16/07/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૦૪, (સુરત), તા.૧૬/૦૭/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 બારડોલીમાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પર સંમેલનઃધારાસભ્ય ઈશ્વર પરમારની આગેવાનીમાં યોજાયો કાર્યક્રમ

3 વ્યારા ખાતે જનજાતીય ગૌરવ વર્ષની ઉજવણી અંતર્ગત સિકલસેલ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

4 વિદેશી દારૂના તથા મુદ્દા માલ સાથે કુલ ૬,૭૮,૬૩૦ લાખના જથ્થા સાથે બે ઝડપાયા, બે વોન્ટેડ જાહેર કર્યા

### પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સુરત જીલ્લાના ઓલપાડ અને હાંસોટ તાલુકાના ગામડાંઓમાથી પસાર થનાર છે તે અંગે

## અસગ્રસ્ત ખેડૂતો સાથે મળી ચર્ચા વિચારણા કરી આગળની રણનીતિ નક્કી કરવા માટે આનંદ આશ્રમ ભાદોલ તા.ઓલપાડ મુકામે મિટિંગ મળી

**ઓલપાડ-** પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સુરત જીલ્લાના ઓલપાડ અને હાંસોટ તાલુકાના ગામડાંઓમાથી પસાર થનાર છે તે અંગે અસગ્રસ્ત ખેડૂતો સાથે મળી ચર્ચા વિચારણા કરી આગળની રણનીતિ નક્કી કરવા માટે તા. ૧૩/૦૭/૨૦૨૫ ને રવિવાર બપોરે ૩.૦૦ કલાકે આનંદ આશ્રમ ભાદોલ તા. ઓલપાડ જી. સુરત મુકામે મિટિંગ મળેલ હતી.







મિટિંગમાં હાજર સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખશ્રી પરિમલ પટેલે ખેડૂતોને આવનારી વીજ ટ્રાન્સમિશન લાઇન તેમજ છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલ આંદોલન વિશે માહિતી આપી હતી. એમણે જણાવ્યું હતું કે આપણું આંદોલન ધીમે ધીમે વીજ ટ્રાન્સમિશન કંપની સામેથી પૂર્ણ થઈ સરકાર સામે આગળ વધી રહ્યું છે. સરકારની ભૂમિકા આ મુદ્દામાં શંકાસ્પદ જણાઈ રહી છે. એમણે ખેડૂતોને મહાસંમેલન માટે તૈયાર રહેવા તેમજ ટ્રેક્ટર રેલીની તૈયારી કરવા જણાવી દીધું હતું.

ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશભાઇ પટેલ દ્વારા ખેડૂતોને સંઘે શક્તિ કળયુગે વાક્ય યાદ રાખી એને અનુસરવાનો સમય આવ્યો હોવાની વાત કરાઈ હતી. એમણે સ્પષ્ટ આક્ષેપ કરતા કહ્યું હતું કે કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર જયારે અદાણીને ફાયદો કરાવવા બેઠા હોય ત્યારે સંગઠિત થઈને લડવું એજ એક માત્ર વિકલ્પ રહ્યો છે. સરકાર ગમે તે પક્ષની હોય પરંતુ ખેડૂત સમાજ હંમેશા દુઃખના સમયમાં ખેડૂતોની સાથે ઊભો રહ્યો છે અને હંમેશા ઊભો રહશે.

ખેડૂત ને સહકારી આગેવાન દર્શનભાઈ નાયક દ્વારા જણાવવાનું કે ભૂતકાલમાં જે લોકો સહકારી સંસ્થામાં બેઠા હતા તે લોકો ખેડૂતો ઉપર જયારે આફ્ત આવે ત્યારે અસગ્રસ્ટ ખેડૂતોને સાથ સહકાર આપતા હતા. પરંતુ હાલમાં મેન્ડેટ થી ચૂંટાઈને આવતા સહકારી સંસ્થાનાં આગેવાનો ખેડૂતો ઉપર આફ્ત આવે છે ત્યારે મૌન સેવી ને બેઠા છે.ખેડૂતો એ આવા આગેવાનોને ઓરખી લેવાનું જરૂર છે અને ખેડૂતો એ સંગઠિત થઇ ને એક અવાજમાં પાવર ગ્રીડ કોર્પોરેશન સામે પોતાની જમીન બચાવવા માટે મક્કમતાથી લડવાની જરૂર છે.

દક્ષિણ ગુજરાતનાં પ્રમુખ રમેશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જયારે પણ પાવરગ્રીડ કોર્પોરેશન કંપની નાં અધિકારીઓ ગામમાં પ્રવેશ કરે ત્યારે કોઈ પણ ખેડૂતોએ પોતાની જમીનામાં પ્રવેશવા દેવા જોઈએ નહી.

### ડેડીયાપાડા ખાતે આદિવાસી મહિલા ચંપાબેન વસાવા માટે

## સોશિયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરી આદિવાસી મહિલાનું અપમાન કરવા બાબતે માંડવી પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું







**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** આદિવાસી મહિલા આગેવાન ચંપાબેન વસાવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તારીખ ૫/ ૭/ ૨૦૨૫ ના રોજ ડેડીયાપાડા. તાલુકો ડેડીયાપાડા મુકામે થયેલ ઘટના અનુસંધાને માંડવી તાલુકા જિલ્લા સુરતના અરેઠગામના મનીષ શેઠ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રફભયબજ્ઞજ્ઞસ શક્ષતફિંલફિળ પર ચંપાબેન વસાવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ૫/ ૭/૨૦૨૫ ના રોજ સાગબારા જીલ્લા નર્મદા વિરુદ્ધ અશોભનિય પોસ્ટ મૂકી આદિવાસી મહિલા નું અપમાન કરેલ છે ઉપરોક્ત ઈસમ ઉજળીયાત સમાજના હોય તેઓ હંમેશા આદિવાસી સમાજમાં ભાગલા પાડવાના કૃત્ય કરતા આવેલ છે જેઓ ગુનાહિત માનસિક્તા ધરાવતા હોય એવું લાગે છે. જેથી ચંપાબેન જેવા પ્રતિષ્ઠિત સમાજના મહિલા મોભી વિરોધ જે શબ્દો વપરાયેલા છે જેથી આદિવાસી સમાજ ની મહિલા નું ઘોર અપમાન કરેલ છે. જેથી મનીષ શેઠ ની વિરુદ્ધ આઈટી એક્ટ તથા એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરેલ હોય તેની તાત્કાલિક ધરપકડ કરવા આજરોજ મહામહિમ રાજયપાલ ને સંબોધીને માંડવી પ્રાંત અધિકારીને શ્રી ને આવેદનપત્ર આપેલ છે જેથી તાત્કાલિક ધરપકડ કરવા અમારી લાગણી અને માંગણી છે.

## સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઝાબ ગામે કદાવર દિપડો પાંજરે પુરાયો



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** માંડવી તાલુકાના ઝાબ ગામે આજરોજ વહેલી સવારે દીપડો પાંજરે પુરાવા પામ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી ઝાબ ગામમાં ખાતે આવેલી સાંઈ સ્ટોન કોવરી માં આવીને કુતરા તથા પ્રાણીઓનો શિકાર કરતો હતો જેને લઇને સાઈ સ્ટોન ક્વોરિના માલિક રજનીકાંતભાઈ પટેલ દ્વારા વન વિભાગના આર એફ ઓ વાંદાને જાણ કરતા તેમણે તાત્કાલિક મારણ સાથે પાંજરું ગોઠવી દેવામાં આવ્યું હતુ. જેને કારણે આજરોજ વહેલી સવારે કદાવર દીપડો પાંજરે પુરાવા પામ્યો હતો. વન વિભાગ ને જાણ કરાતા દિપડા નો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેથી ગામ લોકોને રાહત થવા પામી હતી.

## તાપી જિલ્લા સોનગઢ થી માંડવી અવર-જવર કરતાં વાહનો પર ઉઘરાણી ..???





**સોનગઢ-** સોનગઢ ઉકાઈ જર્જરીત અવસ્થામા હિન્દુસ્તાન પુલ પરથી ભારે વાહનો ની અવર-જવર વાહનો જો સામાન ખાલી હોય તો રૂપિયા ૧૦૦ અને જો સામાન ભરેલ વાહન હોય તો રૂપિયા ૨૦૦ પાવતી વગર વાહન ચાલકો પાસે વસૂલવામાં આવે છે . સોનગઢ ઉકાઈ થઈ જર્જરત અવસ્થામાં હોય અને ભારે વાહનો અવાજ જવા માટે મનાઈ કરવામાં આવી હતી છતાં હિન્દુસ્તાન પુલ પરથી માંડવી આવતા જતા વાહન ચાલક ઘણી વાર વાહનોને રોક્નારને ના કહે છે કે આજે અમારી પાસે પૈસા ના હોય કાઢી મૂકવામાં આવે છે, ડ્રાઇવર અને વાહનો પાછા વટાવી લો અને બીજા વાર આ રોડ પર દેખાતા નહી, એવો જવાબ મળે છે.

તો સોનગઢ તાલુકા માં આવેલ ઉકાઈ હિન્દુસ્તાન પુલ છે જે અવાર-જવર વાહનોને વિનામૂલ્યે પાસ થવું મુશ્કેલ છે. જો રીતે કાયમી ધોરણ અવાર-જવર વાહનોની ઉઘરાણી ચાલ્યા કરે છે રાત્રિ દરમિયાન આ જર્જરીત પુલ પરથી ગણા મોતા ભારે વાહનો પસાર કરવામાં આવે છે. મોટા વાહનોની અવરજવર ની મનાઈ હોવા છતાં વાહનો અવર જવર ચાલુ જ છે આ જર્જરીત પુલ પર કાલે કોઈ ઘટના બની તો જવાબદાર કોણ હસે.

તંત્ર હજુ અનિશ્ચિત ઘટના બને તેની રાહ જોઈને આખ બંધ કરી બેઠુંછે. પુલ ઉપર ઉઘરાણા કરીને જવા દેતા વ્યક્તિઓ કોણ છે કોના કહેવાથી પાવતી વગરના ઉપરાણા કરાય છે તે એક ગંભીર તપાસ નો વિષય છે. અને રાત્રી દરમિયાન પુલ ખુલ્લો મૂકી વાહનો પસાર કરવામાં આવે છે.

## મઢી સુગર ફેક્ટરીમાં ' એક પેડ મા કે નામ 'અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું



'પર્યાવરણની રક્ષા આપણા સર્વ ની સંયુક્ત જવાબદારી છે. વૃક્ષો માત્ર હવા શુદ્ધ કરતા નથી પરંતુ આબોહવા સુધારવા, પાણીના સ્તર ને વધારવા અને આપણા જીવનચક્ર માં મહત્વનું યોગદાન આપે છે

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** મઢી સુગર ફેક્ટરીમાં આજરોજ 'એક પેડ મા કે નામ ' અંતર્ગત વૃક્ષારોપણ નો કાર્યક્રમ સંસ્થાના વાઇસ ચેરમેનશ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ સાહેબ ની હાજરીમાં સમસ્ત આયોજન પાર પાડવામાં આવ્યું હતું. એમણે જણાવ્યું હતું કે 'પર્યાવરણની રક્ષા આપણા સર્વ ની સંયુક્ત જવાબદારી છે. વૃક્ષો માત્ર હવા શુદ્ધ કરતા નથી પરંતુ આબોહવા સુધારવા, પાણીના સ્તર ને વધારવા અને આપણા જીવનચક્ર માં મહત્વનું યોગદાન આપે છે ' આ કાર્યક્રમ માં સંસ્થાના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ શ્રી નટુભાઈ રબારી શ્રી હરેશભાઈ ચૌધરી તથા સંસ્થાના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી અવિનાશ ઢેકાણે સાહેબ દ્વારા દરેક વિભાગના અધિકારીઓ પાસે સંકલ્પ લેવડાવ્યો હતો કે દર વર્ષે ઓછામાં ઓછું એક વૃક્ષ લગાવવાનો અને તેનું જતન કરવા નું રહેશે એવો સંકલ્પ લેવડાવ્યો હતો.


## માંડવીના બલેઠી ગામ નજીક ચેકડેમમાં ડૂબી જતાં આધેડનું કરુણ મોત

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** સુરત જિલ્લાના માંડવી તાલુકાના બલેઠી ગામ નજીક આવેલા ચેકડેમમાં ડૂબી જવાથી આશરે ૫૦ વર્ષીય આધેડનું દુર્ઘટનાજનક મૃત્યુ નિપજયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બલેઠી ગામના દુકાન ફળિયામાં રહેતા રમેશભાઈ હરજીભાઈ ચૌધરી બુધવારે સાંજે આશરે ૪:૩૦ વાગ્યાના સુમારે ચેકડેમ પાસે હાથ-પગ ધોવા ગયા હતા. ત્યારે અચાનક કોઈ અગમ્ય કારણસર તેઓ પાણીમાં પડી ગયા હતા અને ડૂબી ગયા હતા. ઘટનાના બીજી સવારે, ગુરુવારે રમેશભાઈનો મૃતદેહ ચેકડેમના પાણીમાંથી મળી આવ્યો હતો. પરિવારજનોની જાણ બાદ તેમના ભાઈ વજીરભાઈ રાવજીભાઈ ચૌધરીએ માંડવી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. હાલમાં માંડવી પોલીસ દ્વારા અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ગામમાં દુઃખનું મોજું પ્રસરી ગયું છે.

## માંડવી નગરપાલિકા ફાયર વિભાગદ્વારા માંડવી હાઇસ્કુલ ખાતે ફાયર એન્ડ ઇમરજન્સી નો ડેમો કાર્યક્રમ યોજાયો

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** માંડવી નગરપાલિકા ફાયર વિભાગ દ્વારા માંડવી હાઇસ્કુલ ખાતે ફાયર એન્ડ ઇમરજન્સી અંગે ડેમોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ફાયર વિભાગ દ્વારા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને આગ, અકસ્માત અંગેનું માર્ગદર્શન ફાયર ઓફિસર રાજેશ જોધપુરી તથા તેમની ટીમ દ્વારા આગ અકસ્માત અંગેની વિવિધ માહિતી પ્રેક્ટીકલ દ્વારા પૂરું પાડવામાં આવેલ હતું જેથી બાળકો આકસ્મિક આગ બાબતે પોતાના તથા પોતાના પરિવારજનોને સુરક્ષિત રાખી અને મોટી હોનારત ટાળી શકે જે અંગે માર્ગદર્શન આપવા મા આવ્યું હતું.





Date-16/07/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બારડોલીમાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પર સંમેલન:ધારાસભ્ય ઈશ્વર પરમારની આગેવાનીમાં યોજાયો કાર્યક્રમ




બારડોલી- બારડોલી વિધાનસભા બેઠક પર 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના મુદ્દે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું. રાજપૂત સમાજની વાડી ખાતે ધારાસભ્ય ઈશ્વર પરમારના નેતૃત્વમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા શીતલબેન સોનીએ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે આ પહેલના ફાયદા અને અમલીકરણ અંગે મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં પ્રદેશ સહ સંયોજક જગદીશ પારેખ, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ અને પૂર્વ પ્રમુખ ભાવેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સુરત જિલ્લા ભાજપ મહામંત્રી જીગર નાયક અને રાજેશ પટેલે પણ હાજરી આપી હતી તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી જીતેન્દ્રસિંહ વાંસિયા, હિમાંશુ પટેલ અને નગર ભાજપ સંગઠન મહામંત્રી નિ:સંગ મહેતા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ૧૬૯ વિધાનસભા બેઠકના તમામ વોર્ડ પ્રમુખો અને મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકોએ સંમેલનમાં ભાગ લીધો હતો. આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' વિશે જનજાગૃતિ લાવવાનો અને તેના પર વ્યાપક ચર્ચા કરવાનો હતો.

## સોનગઢ થી માંડવી જતા ખેરવાડા લિંબી પુલ પરથી મોટા વાહનો પર પ્રતિબંધ હોવા છતા જાહેરનામા માત્ર કાગળ પર

### તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવતા જાહેરનામા માત્ર કાગળ પર હોવાના ગ્રામ જનો દ્વારા આક્ષેપ.:પુલ ઉપર હાઇટ એંગલો મુક્વા માં આવીયા હતા તે પણ ગાયબ. કોના ઇશારે?






સોનગઢ ઉકાઈ હિન્દુસ્તાન પુલ પરથી માંડવી જતા રસ્તા પર ખેરવાડા ગામે અંજના નદી પરનો અને લીમ્બી ગામે ધામણી નદી પરનો પુલ ભારે વાહનો માટે પ્રતિબંધિત હોય જોખમી હોવાનું એન.ડી.ટી. ટેસ્ટ. રિપોર્ટ પ્રમાણે ફૂલ નબળો હોવાનું રિપોર્ટમાં જણાય આવતા તાપી વહીવટી તંત્ર દ્વારા. બહાર પાડવામાં માં આવતા જાહેર નામા માત્ર કાગળ પૂરતું જ સ્મિત હોય તેવા ગંભીર ફરિયાદ ગ્રામજનો દ્વારા ઉઠવા પામી છે. સોનગઢ ઉકાઈ થઈ હિન્દુસ્તાન પુલ પરથી માંડવી જતા ખેરવાડા ગામે ધામણી નદી અને લીમ્બી ગામે નદી પરના પુલો પરથી ભારે વાહનો અવરજવર પર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૨. ૧૧. ૨૦૨૩ ના રોજ સોનગઢ માંડવી ખેરવાડા અને લીમ્બી ગામે ધામણી નદી પરના પુલ માટે જાહેરનામા પાડવામાં આવેલ છે તેમ છતાં આ જાહેર નામા માત્ર કાગળ પર સ્મિત હોય તેવું દેખાય આવે છે ત્યારે આ જોખમી પુલ કોઈ મોટી દુર્ઘટના સર્જે તે પહેલા જિલ્લા વહીવટી તંત્ર સજાગતા દાખવી અહીં હાઈટ એંગલો બેસાડી આ રસ્તા ટુંક. સમય માટે મોટા ઓવર લોડીંગ વાહનો બંધ કરી ડ્રાઇવડ કરેલ રસ્તો સોનગઢથી માંડવી જવા માટે ઇન્દુ વ્યારા નેશનલ હાઇવે ૫૩ થઈ તથા વ્યારા થી માંડવી ઊંચા માળા તરસાળા થઈ ને.હા. ૫૬ હાઇવે નો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી બન્યું છે

વધુમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અવાર નવાર જાહેર નામ બહાર પાડવામાં આવતા જાહેરનામા નું અમલ થાય છે કે કેમ તે જાણવા નું વિસરી જતા માત્ર જાહેરનામા કાગળ પૂરતા જ સીમિત હોય તેવી ગ્રામ જનો દ્વારા આક્ષેપ પણ કરવામાં આવી રહ્યા છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર આ બાબતે સંબંધિત અધિકારી નાં કાન આમડે તે જરૂરી બન્યું.

## ફેદરીયા ચોકડી થી સેરૂલા-ઉકાઈ તરફ જતા ચાર પુલ પર ભારે વાહનોની અવર-જવર બંધ કરવા બાબત

રાજયકક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ એન. હળપતિ દ્વારા તા. ૦૨/૦૭/૨૦૨૫ના (અત્રેની કચેરીને તા. ૦૮/૦૭/ ૨૦૨૫ના રોજ મળેલ) પત્રથી જણાવેલ છે કે છનાભાઈ વસાવા, મહામંત્રીશ્રી તાલુકા ભાજપા સંગઠન માંડવી, જિ. સુરત દ્વારા કરવામાં આવેલ રજુઆત મુજબ ફેદરીયા ચોકડીથી સેરૂલા-ઉકાઈ તરફ જતા રસ્તા પરથી પસાર થતા ભારે વાહનોને કારણે સદર રસ્તા પર આવેલા (૧) સરકુઈ ગામ નજીકની નદી પરનો પુલ (૨) પીપલવાડા ખાડી પરનો પુલ (૩) લીંબી ગામથી પસાર થતી નદી પરનો પુલ તથા (૪) ઉકાઈ ડેમની નીચેની બાજુ પરના રસ્તા પરનો હિન્દુસ્તાન પુલ જોખમી બને તેમ હોઈ, ભારે વાહનોની અવર-જવર બંધ કરવા માટે જાહેરનામું બહાર પાડી અમલ કરાવવા ખાસ અંગત ભલામણ છે.

આમ, રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ એન. હળપતિની ભલામણ ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે ઉપરોક્ત ચાર પુલ પરના ભારે વાહનોની અવર-જવર બંધ કરાવી તેમજ રોડ ડાયવર્ઝન બાબતે વૈકલ્પિક રૂટની ચકાસણી કરી વૈકલ્પિક રૂટ સહની દરખાસ્ત તાત્કાલિક કરવા વિનંતી છે. જેથી જાહેરનામાં બહાર પાડવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

## ગુરુપૂર્ણિમાએ ગુરુ પ્રત્યેની આસ્થાને અડગ રાખવાની પ્રેરણા આપતો અવસર છે- ડો. મતાઉદ્દીન ચિશ્તી

### હિન્દુ-મુસ્લિમ એકતાનું ઉદાહરણ પુરું પાડતી ઐતિહાસિક મોટામિયાં માંગરોળની દરગાહ ખાતે ગુરૂપૂર્ણિમાની કરાયેલી ઉજવણી





**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** ગુરુ પૂર્ણિમાના અવસર નિમિત્તે તાલુકા મથક માંગરોળ ખાતે આવેલ ઐતિહાસિક મોટામિયાં માંગરોલની ગાદી ખાતે ઉજવણી કરવામાં આવી હતી, ઘેર-ઘેર ગાય પાળો ,કોમી એકતા, ભાઈચારો માનવસેવા વ્યસનમુક્તિ ,ઘેર ઘેર વૃક્ષો વાવોનો સંદેશ આપતી મોટામિયાં માંગરોળની ગાદીના વર્તમાન ગાદીપતિ હિઝ હોલીનેસ હઝરત પીર સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તીએ રહેઠાણ પાલેજ મુકામે તથા તેમના સુપુત્ર-અનુગામી ડો. મતાઉદ્દીન સલીમુદ્દીન ચિશ્તી મોટામિયાં માંગરોલની ગાદી ખાતે ઉપસ્થિત રહી મુલાકાત આપી આશીર્વાદ આપ્યા હતા. વર્ષોની પરંપરા અનુસાર ગુરુ પૂર્ણિમાના દિને વિશેષ સંદેશ પાઠવતા જણાવવામાં આવ્યું હતું કે, ગુરુ પ્રત્યેની આસ્થાને અડગ રાખવાની પ્રેરણા આપતો અવસર એટલે ગુરુપૂર્ણિમા, હાલમાં ગુણવત્તા માત્ર ભૌતિક જગત પૂરતી સીમિત થઇ ગઇ છે, પરંતુ ખરેખર તો ગુણવત્તા જીવનમાં ઉતારવી જરૂરી છે. જીવનને ગુણવત્તાયુક્ત બનાવવા ગુરૂ જરૂરી છે.

આ ઉપરાંત તેમણે ઉમેર્યું હતું કે જીવનને આદર્શ બનાવતો અવસર ગુરુ પ્રાપ્ત કરાવી શકે છે. જીવનને ઉન્નત બનાવવા માટે ગુણવત્તા મહત્વનું ઘટક છે. આજના દિવસે શિષ્યએ ગુરુ તરફથી મળેલ ઉપદેશને અનુસરવુ જોઈએ સાથે કન્યા કેળવણી તથા શિક્ષણ ખાસ ભાર મૂકી વૃક્ષ વાવવા પણ આહવાન કરવામાં આવ્યું હતું.

## કસ્ટડીમાં પોલીસ તમારી સાથે ન કરી શકે દુર્વ્યવહાર





- કોર્ટના આદેશ વગર પોલીસ આરોપીને હાથકડી ન પહેરાવી શકે.
- પોલીસ કોઈને ૨૪ કલાકથી વધુ સમય માટે કસ્ટડીમાં રાખી શકતી નથી.
- ધરપકડ અંગે પરિવારને જાણ કરવાની જવાબદારી પોલીસની છે.
- કસ્ટડીમાં લીધા પછી અથવા ધરપકડ કર્યા પછી મારી શકે નહીં.
- ધરપકડ કરાયેલી વ્યક્તિની સુરક્ષા અને આરોગ્યની જવાબદારી પોલીસની છે. ૪૮ કલાકમાં આરોપીની મેડિકલ તપાસ કરાવવી જરૂરી છે.
- પોલીસ આરોપીને તેના વકીલ અને પરિવારને મળવાથી રોકી શકતી નથી.

## નિયોલ-ચલથાણ રોડ પરથી ચોરીની રિક્ષા સાથે ૧ ઝડપાયો



બારડોલી- સુરત શહેર અને જિલ્લામાં વાહન ચોરીના વધતા જતા બનાવો વચ્ચે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે ચોરાયેલી રિક્ષા સાથે એક ઇસમને ઝડપી પાડી, ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન અ.હે.કો. કનકસિંહ પ્રવિણસિંહ તથા અ.પો.કો. અજીતસિંહ રાજસિંહને સંયુક્ત રીતે તેમના અંગત બાતમીદાર થકી બાતમી હકીકત મળેલ કે, નિયોલ થી ચલથાણ આવવાના રોડ ઉપર મામાદેવના મંદિર પાસે બુલેટ ટ્રેનના બ્રિજ નીચે એક ઇસમ ચોરીની રિક્ષા હંકારી આવનાર છે.

જેવી બાતમી આધારે નિયોલ ગામ બુલેટ ટ્રેનના બ્રિજ પાસે વોચમાં રહેતા એક ઇસમ રિક્ષા લઈને આવતા તેને રોકી સઘન પૂછપરછ કરતા તેણે લીબાયત પો. સ્ટે. વિસ્તારમાંથી રિક્ષા ની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

જેની કુલ કિંમત રૂ. ૩૦,૦૦૦ આંકવામાં આવી છે. પોલીસે શિવમ સત્યનારાયણ ઉપાધ્યાય, ઉ.વ. ૨૧, રહે. રણછોડનગર, આસપાસ, ગોડાદરા, સુરત શહેર મૂળ રહે. લીહન ચોરા સાના-સુગ્રામગંજ, મધ્યપ્રદેશ) ની ધરપકડ કરવામાં આવી હતી.

## સિંગલખાંચના એકવાકલ્ચર સેન્ટર ખાતે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવી

### રાજય મંત્રી કુંવરજીભાઇ હળપતિના અધ્યક્ષ સ્થાને યુવા મત્સ્ય સંશોધકો અને ખેડૂતોને એવોર્ડ આપવામાં આવ્યા



**તાપી-** સોનગઢ તાલુકાના સિંગલખાંચમાં આવેલી કામધેનુ યુનિવર્સિટી ના સેન્ટર એક્સલેન્સ ઇન એકવાકલ્ચર ખાતે આજરોજ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૦ જુલાઈને રાષ્ટ્રીય કક્ષાએ મત્સ્ય ખેડૂત દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાજય મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિ, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામીણ વિકાસ વિભાગના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવ્યો હતો.

રાજય મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિએ જણાવ્યું હતું કે આદિવાસી પ્રજા માટે દેશના વડાપ્રધાને કેટ કેટલી યોજનાઓ આપી છે. આ સેન્ટર ૧૭ કરોડના ખર્ચે અંતરિયાળ વિસ્તારના લોકો માટે નિર્માણ કરવામાં આવ્યું છે. આપણે આત્મનિર્ભર અને પગભર બનીએ તે માટે ખેતીની સાથે પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ કરી શકીએ. અહીં નાના ખેડૂતોને અને માછીમારોને તાલીમ આપી પગભર કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાત એક એવું રાજય છે જયાં મેનેજમેન્ટ કોટામાં આદિવાસીઓને ફ્રિ શીપ આપવામાં આવે છે.

આ સમારંભમાં યુવાનોને મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રે એવોર્ડ વિતરણ, મત્સ્યપાલકોને ફિશીંગ કીટ, નિવાસી શાળાના બાળકોને ઇનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સેન્ટર ઓફ એક્સલેન્સ ઇન એકવાકલ્ચર તેમજ જળ જૈવ વૈવિધ્ય અંગે એક ડોક્યુમેન્ટ્રી બતાવવામાં આવી હતી. આ સમારંભમાં ભૂતપૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીસૂરજ વસાવા, કેવીકે ના વૈજ્ઞાનિક ડો. પંડ્યા, મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામક શ્રી ભારતીબેન તેમજ સીઓઈ ના હેડ સુમિત લેન્ડે સહિત મત્સ્ય પાલન ખેડૂત મંડળીના હોદ્દેદારો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ આદિજાતિ વિભાગ સંચાલિત નિવાસી શાળાના બાળકો જોડાયા હતા.

## નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરી ઝડપાઈ:૬.૮૦ લાખના મુદ્દામાલ સાથે બે આરોપી પકડાયા, એક થયો ફરાર



**તાપી (વ્યારા)-** તાપી જિલ્લાની લોકલ ક્રાઇમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્કોર્ડે એક મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. PSI એન. એસ. વસાવાની ટીમે નિઝર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બે શંકાસ્પદ વ્યક્તિઓને પકડ્યા છે. આરોપીઓની ઓળખ વિશાલ રણજીતભાઇ ઠાકરે (ઉ.વ. ૨૩, નિઝર) અને નાગરસીંગ ઓકારસીંગ સીકલીગર (ઉ.વ. ૪૭, નંદુરબાર) તરીકે થઈ છે. તેમની પાસેથી સોનાના ઘરેણાં, રોકડ રકમ અને અન્ય મુદ્દામાલ મળી આવ્યો છે.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલ્યું કે તેમણે એક મહિના પહેલા વેલ્દા ગામમાં એક બંધ મકાનમાંથી ચોરી કરી હતી. તેમના ત્રીજા સાથીદાર પરેશ તાનાજીભાઇ પાડવી (રહે. કોઠલી) સાથે મળીને આ ચોરી કરી હતી, જેમાં બે લાખ રૂપિયા રોકડા મળ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી ૨૦ તોલા સોનાના દાગીના (કિંમત રૂ. ૬.૨૦ લાખ), રૂ. ૨૭,૫૦૦ રોકડા, એક મોટરસાયકલ (કિંમત રૂ. ૫૦,૦૦૦) અને એક મોબાઇલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦) કબજે કર્યા છે. કુલ મુદ્દામાલની કિંમત રૂ. ૬.૮૦ લાખ થાય છે. બંને આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫ (૧) ઇ હેઠળ અટક કરવામાં આવી છે. ત્રીજો આરોપી હજુ ફરાર છે. વધુ તપાસ માટે કેસ નિઝર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## ગૌ સેવા એજ પ્રભુસેવા, દર વર્ષે જન્મદિવસ નિમિતે ગૌમાતા માટે લીલાચારા, ખોળ, દાણ અને ગૌમાતા ની સારવાર માટે ૧૧,૦૦૦ નું દાન પાંજરાપોળ ને સમર્પણ કર્યું





**બારડોલી-** આજ રોજ બારડોલી વિભાગ પાંજરાપોળ માં અનસુયાબેન પટેલ ના જન્મદિવસ નિમિતે ગામ: બાબેન, દ્વારા બારડોલી વિભાગ પાંજરાપોળ ની ગૌમાતા માટે લીલાચારા, ખોળ, દાણ અને ગૌમાતા ની સારવાર માટે ૧૧,૦૦૦ નું દાન પાંજરાપોળ ને સમર્પણ કર્યું છે. બારડોલી વિભાગ પાંજરાપોળ દાતા શ્રી ના પરિવાર નો આભાર માને છે.

ગુજરાતના બિલ્ડર્સ ટેન્શનમાં

89 ટકા ઘર વેચાયા વગરના પડી રહ્યા છે



ગુજરાતના બિલ્ડર્સને હાલમાં પોતાના પ્રોજેકટનું વેચાણ કરવામાં આંખે અંધારા આવી રહયા છે. ઈન્વેન્ટરી એટલી બધી વધી ગઈ છે કે, ૮૯ ટકા ઘર વેચાયા વગરના પડી રહયા છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

## બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક પૃથ્વીનું પ્રદૂષણ ઘટાડવા કેટલું ઉપયોગી?

પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટે તે માટે થઈ રહેલા પ્રયોગોમાંનો એક પ્રયોગ એટલે બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક. બાયોપ્લાસ્ટિકનું ગ્લોબલ માર્કેટ ૭.૭ અબજ ડોલરને પાર થઈ ગયું છે

૮૩૦ કરોડ ટન પ્લાસ્ટિક પૃથ્વી પર વેરાયેલું પડયું હોવાનો અંદાજ એકાદ-બે વર્ષ પહેલાંના સાયન્સ એડવાન્સ જર્નલના અહેવાલમાં રજૂ થયો હતો. ૮૦૦ કરોડ લોકો પૃથ્વી પર રહે છે તે હિસાબે માથાદીઠ એક કરોડ ટન પ્લાસ્ટિકનો જથ્થો દરેકના હિસ્સામાં આવે! આ કચરો આજે જીવતા ૮૦૦ કરોડ લોકોએ જ નથી વેર્યો, છેલ્લી એક સદીમાં સતત એમાં વધારો થયો છે. છેલ્લાં સો-દોઢસો વર્ષમાં પૃથ્વી રહેલા દરેક માણસે થોડું થોડું પ્લાસ્ટિક વેર્યું હતું. અત્યારે જેટલો પ્લાસ્ટિકનો કચરો છે એ એકઠો કરીને ભરવો હોય તો ૫.૫ કરોડ જમ્બો જેટની જરૂર પડે. આ જથ્થો સતત વધતો જાય છે.

પ્લાસ્ટિક મટિરિયલ ૧૯૦૭માં લીઓ હેન્ડ્રિક નામના રસાયણશાસ્ત્રીએ બનાવ્યું હતું. બેકલાઈટ મટિરિયલના શોધક આ રસાયણશાસ્ત્રીને પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીના ફાધર કહેવામાં આવે છે. સિન્થેટિક કમ્પોનન્ટ્સમાંથી પ્લાસ્ટિક મટિરિયલ બનાવાયું હતું અને તેની પહેલી પેટન્ટ ૧૯૦૯માં નોંધાઈ હતી. લીઓ હેન્ડ્રિકે ૧૦૦ જેટલી પેટન્ટ રજિસ્ટર કરાવી હતી, જેમાં પ્લાસ્ટિકની વિવિધ પ્રોડક્ટ્સનો સમાવેશ થતો હતો. લીઓ હેન્ડ્રિકનું અવસાન ૧૯૪૪માં થયું હતું, ત્યાં સુધીમાં પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીનો ઠીક-ઠીક વિકાસ થઈ ચૂક્યો હતો.

આજે પ્લાસ્ટિકનો વિશાળ જથ્થો પ્રદૂષણમાં વધારો કરે છે છતાં પ્લાસ્ટિકનું ઉત્પાદન દિવસ-રાત સતત ચાલી રહ્યું છે. પ્લાસ્ટિકની વિવિધ ચીજવસ્તુઓ સહિત કુલ માર્કેટ ૨૦૨૨માં ૪૫૦ અબજ ડોલર હતું. જે ૨૦૨૯ સુધીમાં વધીને ૬૪૦ અબજ ડોલરને પાર પહોંચી જશે. દર વર્ષે અંદાજે ૪૦ કરોડ મેટ્રિક ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થતું હોવાનો અંદાજ છે. વળી, દર વર્ષે ૩૪-૩૫ કરોડ ટન પ્લાસ્ટિકનો કચરો પણ પેદા થાય છે. ૧૯૫૦થી ૨૦૦૭ દરમિયાન ૯૨૦ કરોડ ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થયું હતું. એમાંથી અડધું પ્લાસ્ટિક તો ૨૦૦૪થી ૨૦૧૭ વચ્ચે પ્રોડયુસ થયું હતું. જો પ્લાસ્ટિકનો વપરાશ આજે છે એ ઝડપે જ આગળ વધશે તો ૨૦૫૦ સુધીમાં પ્લાસ્ટિકનું વાર્ષિક ઉત્પાદન ૧૧૦ કરોડ ટનને પાર પહોંચી જશે. એટલે કે ૫૦ વર્ષમાં જેટલું ઉત્પાદન થયું એટલું તો વર્ષે થતું હશે! બીજા વિશ્વયુદ્ધ પછી ગ્લોબલ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી ધમધમવા લાગી હતી. એ વખતે પ્લાસ્ટિકના ભયાનક પરિણામો વિશે માનવજાત એટલી જાગૃત ન હતી. પ્લાસ્ટિકની વજનમાં હળવી ચીજવસ્તુઓનો વપરાશ દુનિયાભરમાં વર્ષ દર વર્ષ વધતો જતો હતો. ૧૯૬૫માં સ્વીડિશ પ્રોડક્ટ ડિઝાઈનર સ્ટેન ગુસ્તાફ થુલિને પ્લાસ્ટિક બેગ બનાવી હતી. દરેક દેશમાં લોકોની ખરીદશક્તિ વધતી જતી હતી અને તેના પરિણામે પ્લાસ્ટિક બેગ્સનું ચલણ વધવા માંડયું હતું.

ગમે ત્યાંથી ગમે ત્યારે કંઈક ખરીદ્યું હોય તો એને પ્લાસ્ટિકની કેરીબેગમાં સાચવવાનું સરળ બનવા લાગ્યું હતું. દાયકાઓમાં પ્લાસ્ટિક બેગ્સનો વપરાશ એટલો વધી ગયો કે આજે પાંચ ટ્રિલિયન પ્લાસ્ટિક બેગ્સનું વાર્ષિક ઉત્પાદન દુનિયામાં થાય છે. કુલ પ્લાસ્ટિકના જથ્થામાંથી માત્ર ૯ ટકા રિસાઈકલ થાય છે. ૨૨ ટકા પ્લાસ્ટિકના જથ્થાનું વ્યવસ્થિત મેનેજમેન્ટ થતું ન હોવાથી એનો કોઈ જ નિકાલ થતો નથી. ટોટલ પ્લાસ્ટિકમાંથી ૫૦ ટકા જેટલો મોટો જથ્થો પૃથ્વી કે સમુદ્રમાં વેરાયેલો પડયો રહે છે. ચાર ટકા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જન પાછળ પ્લાસ્ટિક જવાબદાર છે. પ્લાસ્ટિકે આવો હાહાકાર મચાવ્યો પછી સફાળા જાગેલા માણસે એના વિકલ્પો શોધવા માંડયા છે. જેની શોધને માત્ર સવા સો વર્ષ થયા છે એવા પ્લાસ્ટિક મટિરિયલનો ઉપયોગ રાતોરાત અટકાવી શકાય તેમ નથી. દરેક ચીજવસ્તુના પ્રોડક્શનમાં પ્લાસ્ટિકની હાજરી છે. મોબાઈલથી લઈને લેપટોપ, કિચનની ચીજવસ્તુઓ, બારી-દરવાજાથી લઈને બાથરૂમમાં ખપમાં આવતી વસ્તુઓમાં પ્લાસ્ટિકનો થોડો કે ઘણો હિસ્સો હોય છે. આપણે આસપાસમાં જયાં નજર ફેરવીએ ત્યાં પ્લાસ્ટિકની હાજરી જોવા મળે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●


સંપર્ક- અનિલભાઈ મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## કલેક્ટર બંગલા સ્ક્વેર, મહારાણા પ્રતાપ સ્ક્વેર, રાજપૂત હોસ્ટેલમાં આખો દિવસ હોબાળો ચાલુ રહ્યો

### શાંતિ ભંગ કરવા બદલ ૫૯ થી વધુ કરણી સેનાના કાર્યકરોની ધરપકડ કરવામાં આવી





**હરદા-** દિવસમાં ૩ વખત લાઠીચાર્જ, ૭ જિલ્લાના પોલીસ દળ તૈનાત, સરહદો સીલ. કલેક્ટર બંગલા સ્ક્વેર (બાયપાસ) ને અવરોધિત કરી રહેલા કરણી સેનાના કાર્યકરોનો પોલીસે પીછો કર્યો અને માર માર્યો. પાણીનો તોપનો ઉપયોગ કરવામાં આવ્યો, ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા અને રવિવારે સવારે ૧૦ વાગ્યે લાઠીચાર્જ કરવામાં આવ્યો. કરણી સેના પરિવારના સ્થાપક જીવન સિંહ શેરપુર સહિત ૫૯ થી વધુ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી અને જેલમાં મોકલી દેવામાં આવ્યા. લાઠીચાર્જ બાદ કાહિસના ધારાસભ્ય ડો. આર.કે. ડોગને અને વહીવટીતંત્ર સામસામે આવી ગયા છે. લાઠીચાર્જથી ગુસ્સે ભરાયેલા ડોગને કહ્યું- હરદા શાંતિનો ટાપુ છે.


કરણી સેના અને તમામ સમુદાયના લોકો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. હરદા શાંતિનો ટાપુ છે. પોલીસ-પ્રશાસને હરદામાં અત્યાચાર કર્યો છે. શું કોઈ આતંકવાદી હોસ્ટેલમાં ઘૂસી ગયો હતો કે લાઠીચાર્જ કરવો પડ્યો? પોલીસ-પ્રશાસન અને સરકાર તરફથી માંગ છે કે તેઓ વાતચીત કરે અને લાઠીચાર્જ ન કરે. ફક્ત વાતચીતથી જ ઉકેલ આવશે. વહીવટીતંત્રે બર્બર કાર્યવાહી કરી. આ ખોટું છે. આ અંગે કલેક્ટર સિદ્ધાર્થ જૈને કહ્યું કે ૧૬ કલાકના નાકાબંધી દરમિયાન ત્રણ વખત સલાહ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શુક્રવારે સવારે એમ્બ્યુલન્સને પણ પસાર થવા દેવામાં આવી ન હતી. આ પછી કાર્યવાહી કરવી પડી. એસપી અભિનવ ચોક્સીએ એમ પણ કહ્યું કે વારંવાર સલાહ આપ્યા પછી પણ તેઓએ સાંભળ્યું નહીં. તેમની સાથે દુર્વ્યવહાર પણ કરવામાં આવ્યો. આ પછી લાઠીચાર્જ કરવામાં આવ્યો.

## બારડોલી ટી. સી. ટી. વ્યસન મુક્તિ કેન્દ્ર દ્વારા આયોજિત બ્લડ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ બ્લડ ડોનેટ કર્યું




બારડોલી : બારડોલી ટી. સી. ટી. વ્યસન મુક્તિ કેન્દ્ર દ્વારા આયોજિત બ્લડ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ બ્લડ ડોનેટ કર્યું હતું. જેમાં ૧૫૦ થી વધુ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

બારડોલીના ધામડોદ રોડ સ્થિત ટી. સી. ટી વ્યસન મુક્તિ કેન્દ્ર નામની સંસ્થા અનેક સેવાકીય કાર્યમાં હર હંમેશ અગ્રેસર રહેતી હોય છે અને દર વર્ષે બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે સંસ્થાના ૧૦ વર્ષ પૂર્ણ થતા સંસ્થાના સંચાલક ગૌરાંગસિંહ વાંસિયા દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન બાલાજી પ્લાઝો કોમ્પ્લેક્સ ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લોકો સ્વયંભુ પોતાની નૈતિક જવાબદારી સમજી જોડાયા હતાં અને ૧૫૦ થી વધુ રક્ત યુનિટ એકત્ર કરવામાં આવ્યું હતું જે બારડોલી ની સરદાર સ્મારક હોસ્પિટલને આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સંસ્થાના સંચાલક ગૌરાંગસિંહ વાંસિયાએ સ્ટાફ તેમજ બ્લડ ડોનેટ કરનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧30/-
પાર્સલ ૧૫૦/-

શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

## નવસારી મહાનગરપાલિકા નિર્મિત સિંદૂર વનનું ઉદ્‌ઘાટન કરતા જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ




નવસારી- નવસારી મહાનગરપાલિકા દ્વારા એક પેડ માં કે નામ અભીયાન અંતર્ગત કામેલા રોડ કરિશ્મા ગાર્ડનની સામે નવસારી મહાનગરપાલિકા વર્કશોપ ખાતે સિંદુર વન નું નવનિર્માણ કરવામાં આવ્યું છે. જે પ્રકલ્પનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ દ્વારા મહાનુભાવોની ઉપસ્થિતિમાં આજરોજ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સિંદુર વનમાં મંત્રી સી. આર. પાટીલની સાથે નવસારીના ધારસભ્ય રાકેશભાઈ દેસાઈ, નવસારી જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રે, નવસારી મહાનગરપાલિકા કમિશ્નર દેવ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી પુષ્પ લતા, નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણની રક્ષાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

એક પેડ માં કે નામ અભિયાન ૨.૦ અંતર્ગત નવસારી મહાનગરપાલિકા દ્વારા વધુ વૃક્ષો વાવોની ઝુંબેશ કાર્યરત છે. પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ અને સંવર્ધન કરવા માટે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવા ઉમદા સંકલ્પ સાથે સિંદુર વન જેવા પ્રકલ્પો આયોજન મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે .

## વ્યારા ખાતે જનજાતીય ગૌરવ વર્ષની ઉજવણી અંતર્ગત સિકલસેલ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**તાપી -** મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેર્સના 'જનજાતીય ગૌરવ વર્ષ' અને 'ધરતી આબા જનભાગીદારી અભિયાન' અંતર્ગત તાપી જિલ્લાના આદિવાસી વિદ્યાર્થીઓમાં સિકલ સેલ રોગ અંગે જાગૃતિ ફેલાવવાના ઉમદા આશય સાથે રાજયના આદિજાતિ વિકાસ રાજયમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા ખાતે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેનો એકમાત્ર આશય સિકલસેલ રોગ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું કે, સિકલ સેલ રોગ આદિજાતિ સમાજ માટે ગંભીર આરોગ્ય પડકાર સમાન છે. લોહીના કોષોને અસર કરતા આ રોગની સારવાર નહીં થાય તો ગંભીર પરિણામ આપી શકે છે.

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે. આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ક્ષત્રિય સમાજે પી.ટી.જાડેજા સામે લગાવેલી પાસાની કલમને વખોડી કાઢી દેખાવો કર્યા

ભરૂચમાં સોમવારે સવારે ક્ષત્રિય સમાજના આગેવાનોએ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું. અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પી.ટી. જાડેજા સામે લગાવવામાં આવેલા પાસા એક્ટનો વિરોધ કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં એકત્રિત થયેલા ભરૂચ જિલ્લાના રાજપૂત સમાજના આગેવાનોએ જાડેજાની ધરપકડનો વિરોધ કર્યો હતો.

તેમણે જણાવ્યું કે પી.ટી. જાડેજા એક પ્રતિષ્ઠિત સમાજ સેવક છે. તેમણે સમાજના જરૂરિયાત મંદ દીકરીઓના સમૂહ લગ્ન કરાવ્યા છે. આર્થિક સહાય અને યુવાનોમાં જાગૃતિ લાવવાના કાર્યો કર્યા છે.તેમનો અભિપ્રાય સાંભળ્યા વિના અડધી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. તેમને સીધા જ સાબરમતી જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. આ કાર્યવાહી અમાનવીય અને લોકશાહી વિરુદ્ધ છે. કોઈ ફિઝિકલ ઝપાઝપી કે ગુંડાગીરી ન થઈ હોવા છતાં પાસા જેવી કલમો લગાડવામાં આવી છે. આનાથી સમગ્ર રાજપૂત સમાજમાં અસંતોષ ફેલાયો છે.



ભરૂચ- ભરૂચ કલેકટરને આવેદનપત્ર આપી નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માગ કરી

પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સુરત જીલ્લાના ઓલપાડ અને હાંસોટ તાલુકાના ગામડાંઓમાથી પસાર થનાર છે તે અંગે અસગ્રસ્ટ ખેડૂતો સાથે મળી ચર્ચા વિચારણા કરી આગળની રણનીતિ નક્કી કરવા માટે આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૫ ને રવિવાર બપોરે ૩.૦૦ કલાકે આનંદ આશ્રમ ભાદોલ તા.ઓલપાડ જી સુરત મુકામે મિટિંગ મળેલ હતી.

મિટિંગમાં હાજર સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખશ્રી પરિમલ પટેલે ખેડૂતોને આવનારી વીજ ટ્રાન્સમિશન લાઇન તેમજ છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલ આંદોલન વિશે માહિતી આપી હતી. એમણે જણાવ્યું હતું કે આપણું આંદોલન ધીમે ધીમે વીજ ટ્રાન્સમિશન કંપની સામેથી પૂર્ણ થઈ સરકાર સામે આગળ વધી રહ્યું છે. સરકારની ભૂમિકા આ મુદ્દામાં શંકાસ્પદ જણાઈ રહી છે. એમણે ખેડૂતોને મહાસંમેલન માટે તૈયાર રહેવા તેમજ ટ્રેક્ટર રેલીની તૈયારી કરવા જણાવી દીધું હતું.

ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશભાઇ પટેલ દ્વારા ખેડૂતોને સંઘે શક્તિ કળયુગે વાક્ય યાદ રાખી એને અનુસરવાનો સમય આવ્યો હોવાની વાત કરાઈ હતી. એમણે સ્પષ્ટ આક્ષેપ કરતા કહ્યું હતું કે કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર જયારે અદાણીને ફાયદો કરાવવા બેઠા હોય ત્યારે સંગઠિત થઈને લડવું એજ એક માત્ર વિકલ્પ રહ્યો છે. સરકાર ગમે તે પક્ષની હોય પરંતુ ખેડૂત સમાજ હંમેશા દુઃખના સમયમાં ખેડૂતોની સાથે ઊભો રહ્યો છે અને હંમેશા ઊભો રહશે.

ખેડૂત ને સહકારી આગેવાન દર્શનભાઈ નાયક દ્વારા જણાવવાનું કે ભૂતકાલમાં જે લોકો સહકારી સંસ્થામાં બેઠા હતા તે લોકો ખેડૂતો ઉપર જયારે આફત આવે ત્યારે અસગ્રસ્ટ ખેડૂતોને સાથ સહકાર આપતા હતા. પરંતુ હાલમાં મેન્ડેટ થી ચૂંટાઈને આવતા સહકારી સંસ્થાનાં આગેવાનો ખેડૂતો ઉપર આફત આવે છે ત્યારે મૌન સેવી ને બેઠા છે.ખેડૂતો એ આવા આગેવાનોને ઓરખી લેવાનું જરૂર છે અને ખેડૂતો એ સંગઠિત થઇ ને એક અવાજમાં પાવર ગ્રીડ કોર્પોરેશન સામે પોતાની જમીન બચાવવા માટે મક્કમતાથી લડવાની જરૂર છે.

દક્ષિણ ગુજરાતનાં પ્રમુખ રમેશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જયારે પણ પાવરગ્રીડ કોર્પોરેશન કંપનીનાં અધિકારીઓ ગામમાં પ્રવેશ કરે ત્યારે કોઈ પણ ખેડૂતોએ પોતાની જમીનામાં પ્રવેશવા દેવા જોઈએ નહી.

## સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસ દ્વારા બાતમીના આધારે

# વિદેશી દારૂના તથા મુદ્દા માલ સાથે કુલ ૬,૭૮,૬૩૦ લાખના જથ્થા સાથે બે ઝડપાયા, બે વોન્ટેડ જાહેર કર્યા






**રિપોર્ટર, દક્ષેશ પટેલ, -** સુરત જિલ્લાના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ ની સૂચનાથી પ્રોહિ જુગારની પ્રવૃતિ સદંતર બંધ કરવાની સૂચના આપેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેશકુમાર જોઈસર સાહેબ ના ઓએ સુરત ગ્રામ્ય જિલ્લામાં જે ગેરકાયદેસરની પ્રવૃત્તિ ઉપર સખત વોચ રાખી આવી પ્રવૃત્તિ સદંતર બંધ કરવા જરૂરી માર્ગદર્શન આપેલ હોય પ્રોહી તથા જુગારના કેસો શોધી કાઢવા માટે સૂચન કરેલ હોય તેથી શ્રી આર.બી ભટોળ પોલીસ ઇન્સ્પેક્ટર એલ સી બી સુરત ગ્રામ્ય દ્વારા ગ્રામિણ વિસ્તારમાં પેટ્રોલિગમાં આવેલી એલસીબી શાખાની અલગ-અલગ ટીમો દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એલસીબીના અ.હે.કો સ્મિત રમેશ, દિનેશ કાનજી અને અ.પો. કો અક્ષય શંકરને સંયુક્ત બાતમી મળી હતી કે એક ગ્રે કલરની નિશાન ટેરેનો કાર(નંબર GJ-૦૫-Jf-૫૯૬૮) દ્વારા વિદેશી દારૂનો જથ્થો લઈ ઉકાઈથી મગતરા થઈ પીપલવાડા ગામ તરફ લવાઈ રહી છે.

જાત માહિતી મળતાની સાથે જ એલસીબીની ટીમે તરત મગતરા-પીપલવાડા રોડ પર બ્રિજ પાસે નાકાબંધી ગોઠવી હતી. શંકાસ્પદ ગાડી આવતાની સાથે જ અટક કરી તપાસ હાથ ધરતા અંદરથી વિદેશી દારૂ ભરેલી કાર સહિત કુલ રૂ. ૬,૭૮,૬૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ઉપરાંત મનાભાઈ ઉર્ફે મુન્ના ગામીત અને મેહુલ ચૌધરીને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે.

# શ્રીતાપીવન વિદ્યાલય, સરકુઈ માં શ્રી સ્વ. નાગરજીભાઈ વસાવાની જન્મજયંતી ઊજવાઈ

(શાળા સંચાલક મંડળના સ્થાપક પ્રમુખના જન્મજયંતિ ની અનોખી ઊજવણી, પ્રત્યેક વિદ્યાર્થીઓને કેસર કેરીના રૂપા આપવામાં આવ્યા.)





**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** માંડવી તાલુકાના ઊંડાણના વિસ્તારમાં આવેલી શ્રી નવચેતન કેળવણી મંડળ, દેવગઢ સંચાલિત શ્રી તાપીવન વિદ્યાલય સરકઈ, તા. માંડવી જી. સુરત માં તા. ૧૦ મી જુલાઈ ૨૦૨૫ ના રોજ શ્રી નવચેતન કેળવણ મંડળ, દેવગઢ તા. માંડવી જી. સુરત આદ્યસ્થાપક અને ગુજરાત સરકારના તત્કાલીન સંસદીય સચિવ શ્રી સ્વ નાગરજીભાઈ વસાવા ની ૭૯મી જન્મ જયંતીની ઉજવણી શ્રી તાપીવન વિદ્યાલય, સરકુઈ તા. માંડવી જી. સુરત મુકામે કરવામાં આવી. જેમાં સમારંભના પ્રમુખ તરીકે શ્રી નવચેતન કેળવણી મંડળ, દેવગઢ ના વર્તમાન પ્રમુખ અને સાંસદ પ્રભુભાઈ વસાવા, મંડળના સંચાલક ગ. સ્વ. બાજુબેન વસાવા, ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ વસાવા, મહેશભાઈ વસાવા, રમણલાલ વસાવા, શ્રીમતિ ભારતીબેન વસાવા તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય હિતેશભાઈ પટેલે શાબ્દિક સ્વાગત દ્વારા સૌ મહેમાનોને આવકાર્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત સાંસદ શ્રી તથા મંડળના અન્ય ટ્રસ્ટીશ્રી પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી તાપીવન વિદ્યાલય સરકુઈ ના સ્થાપક પ્રમુખ સ્વ. નાગરજીભાઈ વસાવા ના જીવન કવન વિશે ટૂંકમાં પરિચય શાળાના સિનિયર શિક્ષક અને કાર્યક્રમના કન્વીનર શ્રી ડો. અશોકભાઈ સોલંકી એ આપ્યો. શાળાના સ્થાપક પ્રમુખ સ્વ. નાગરજીભાઈ વસાવા ની જન્મ જયંતી કાયમ માટે યાદ રહે એ હેતુથી શાળાના પ્રત્યેક વિદ્યાર્થીઓને, તથા મહાનુભવોને કેસર કેરીની એક એક કલમ ભેટ આપવામાં આવી હતી તથા મીઠું મોઢુ કરાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રમુખ સ્થાનેથી સંબોધન કરતા શ્રી નવચેતન કેળવણી મંડળ, દેવગઢ ના વર્તમાન પ્રમુખ અને બારડોલી લોકસભાના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ શાળાના પ્રત્યેક વિદ્યાર્થીઓને તથા ઉપસ્થિત મહેમાનોને કેસર કેરીનો એક એક કલમ આપી જન્મ જયંતીની અનોખી રીતે ઉજવણી કરી તે બદલ આ કાર્યક્રમના કન્વીનર ડો. અશોકકુમાર સોલંકી તથા શાળા પરિવારની સરાહના કરી હતી, અને શાળાકીય જીવનમાં પર્યાવરણ જાળવણી, વિદ્યાર્થી જીવનમાં શિસ્તનું મહત્વ,ભારતીય સંસ્કૃતિમાં ગુરુશિષ્ય પરંપરા વિશે વિદ્યાર્થીઓને. વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સ્વાતિ દેસાઈ એ કર્યું હતું અને કાર્યક્રમના અંતે આભાર વિધિ શાળાના સિનિયર શિક્ષક અશોકભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા. ભરતભાઈ પટેલ, સુરેખાબેન ચૌધરી, પ્રવિણાબેન ચૌધરી, કવિતાબેન ચૌધરી, બિંદિયા વસાવાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## માંડવી પોલીસ સ્ટેશન દ્વારા કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ

# સોલર પાર્કમાંથી કોપરના કેબલ વાયરો ની થયેલ ચોરીના ગુના શોધી કાઢી મુદ્દામાલ સહિત ત્રણ આરોપીઓને પકડી પાડતી માંડવી પોલીસ



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, (માંડવી)-** નાયબ પોલીસ મહા નિરીક્ષક હિતેશકુમાર જોઈસર સુરત ગ્રામ્ય દ્વારા વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા જરૂરી સુચના અપાય હતી.

જે અનુસંધાને બી કે વનાર વિભાગીય અધિકારી ના માર્ગદર્શન હેઠળ માંડવીના પીઆઈ એ એસ ચૌહાણ દ્વારા ચોક્કસ દિશામાં વર્કઆઉટ શરૂ કરી હતી.

માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ એ એસ ચૌહાણ ની સૂચના મુજબ તારીખ- ૮/૭/૨૦૨૫ ના રોજ માંડવી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા સાધન વાહન ચેકિંગ તથા પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું હતું.

પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમી થકી રોસવડ ગામની સીમમાં આવેલ ટાંકી ફળિયામાં પાછળના ભાગે સાત જેટલા ઈસમો કામરેજ તાલુકાના કરજણ ગામે ખાતે આવેલ સોલર પાર્ક માંથી ચોરેલ વાયરો માંથી કોપર અલગ કરતા હોવાની માહિતી મળેલ જે માહિતી ના આધારે માંડવી પી.આઈ., એ. એસ. ચૌહાણ તેઓના સ્ટાફ સાથે બાતમી વાળી જગ્યાએ જઈ તપાસ કરતા આ જગ્યાએ ત્રણ ઇસમો હાજર મળી આવેલ હતા .

અન્ય ઈસમો સ્થળ પરથી નાસી ગયેલ હતા.આ આરોપી પાસેથી કોપરના વાયર તથા અર્ધબળેલ કોપર વાયર નો જથ્થો બાબતે આધાર પુરાવાની માંગણી કરતા. જે રજૂ કરેલ ના હોય આ કોપર ના વાયર તથા અર્ધબળેલ વાયર નો જથ્થો ચોરીથી અથવા છળકપટ થી મેળવેલ હોવા નું જણાયેલ હતું. કૂલ મુદ્દા માલ રૂ.૧,૩૨,૦૦૦ સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી.




કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808


## રાજપુત અવસાન



સ્વ. અજીતસિંહ
નાથુસિંહ ઠાકોર
સ્વ.તા.૧૪-૦૭-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈ / પિતાશ્રી **અજીતસિંહ નાથુસિંહ ઠાકોર**નું **તા.૧૪-૦૭-૨૦૨૫**ને **સોમવાર**ના રોજ **દુઃખદ અવસાન** થયેલ છે.પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા.૧૮-૦૭-૨૦૨૫ને શુક્રવારના રોજ બપોરે ૨ થી ૫ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.**

**શ્વસુર પક્ષ**
બળવંતસિંહ છીબુસિંહ સોલંકી
મહેન્દ્રસિંહ છીબુસિંહ સોલંકી
મુ.પો.નરોલી (વડ ફળીયુ)
દાદરા નગર હવેલી

**લિ.**
ગંભીરસિંહ નાથુસિંહ ઠાકોર (ભાઈ)
કિરણકુમાર અજીતસિંહ ઠાકોર (પુત્ર)
ભુપતસિંહ જયસિંહ ઠાકોર (ભાઈ)
તખતસિંહ પ્રકાશસિંહ ઠાકોર (ભત્રીજા)
હીરેનકુમાર રણજીતસિંહ ઠાકોર (ભત્રીજા)
જયવીર અને વીરાજ (પૌત્ર)

નિવાસ સ્થાન : મુ.પાલી, તા.કામરેજ, જી.સુરત.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).